## મહિલા ઉત્કર્ષ માટે વાઘબકરી ટી ગ્રુપનો સહયોગ

# ચા ઉદ્યોગની ટોચની કંપની દ્વારા ગુજરાતના ઝઘડીયા તાલુકામાં શિક્ષણ અને ક્ષમતા નિર્માણ માટેની સુવિધાઓ ઉભી કરાઈ





વિશ્વની ટોચની ચાની કંપનીઓમાં સ્થાન ધરાવતી ગુજરાતના ટી ગ્રુપે વિકાસલક્ષી સંસ્થા, સોસાયટી ફોર ઓજયુકેશન, વેલકેર એન્ડ એકશન (સેવા) રૂરલ દ્વારા ઝઘડીયામાં ચાર માળના મકાનનું નિર્માણ કરાયું છે. આ માટે વાઘબકરી ટી ગ્રુપે તેની કોર્પોરેટ સામાજિક પ્રવૃત્તિના ભાગ તરીકે રૂા. ૩ કરોડનું દાન કર્યુ છે. આ બિલ્ડીંગમાં તાલિમ કેન્દ્ર, વર્ગખંડો, પ્રેકટિકલ ટ્રેનિંગ લેબ, લાયબ્રેરી, ઓફિસ, કન્યાઓ અને મહિલાઓ તથા સ્ટાફ માટે આવાસની સુવિધાનો સમાવેશ થાય છે, જે અંદાજે ૪૦ મહિલાઓ માટે નિવાસ વ્યવસ્થા પુરી પાડશે. આ બીલ્ડીંગને સેવા રૂરલ સંચાલિત મહિલા તાલિમ કેન્દ્ર વાઘબકરી ચા ગ્રુપ, અમદાવાદ–૨૦૧૬ નામ આપવામાં આવ્યું છે.

સ્થાયી ફર્નીચર ધરાવતી આ બીલ્ડીંગ ચાર માળની છે અને તે દ્વારા નજીકના વિસ્તારોમાં રહેતી આદિવાસી, ગ્રામ્ય અને ગરીબ સમાજને લાભ થશે. સેવા રૂરલ દ્વારા તાલિમ અને શિક્ષણ પુરુ પાડવામાં આવશે. આ શિક્ષણ રાહત દરે પુરુ પાડવામાં આવશે. જે તાલિક પુરી પાડવામાં આવશે તેમાં નર્સીંગ, લેબ આસિસ્ટન્ટ, સ્ટીચીંગ, બેઝિક કોમ્પ્યુટર શિક્ષણ, સ્વરક્ષણની તાલિમ અને જાતિય સતામણી અંગે જાગૃતિ તથા અન્ય બાબતોનો સમાવેશ થાય છે. અગાઉ આ પ્રોજેકટ હેઠળ વાઘબકરી ટી ગ્રુપે બાળકોના શિક્ષણ માટે ઝઘડીયા તાલુકાનાં દૂરનાં ૧૨ ગામોમાં વિકાસ અને ઉત્કર્ષની પ્રવૃતિઓ માટે મોબાઈલ વાનનું દાન કર્યુ હતું.

આ બધી પ્રવૃતિઓ વાઘબકરી ટી ગ્રુપ દ્વારા સ્વૈચ્છિક સંસ્થાઓ સાથે મળી ગામડાંમાં માળખાગત સુવિધાઓ સ્થાપવા અને મહિલા સશકિતકરણ માટે સતત થતી પ્રવૃતિઓના હેતુ તરીકે કરાઈ છે.